સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ભટક્યો અભિમાનમાં હવે તું જ મારી કાંખ છો,
જિંદગીના વાણી-વર્તનની તું જ મારી શાખ છો,
માખ છું, તેલમાં ડૂબી ફફડાવી પાંખો વાસનામાં -
ભરું છું અંધારે બાચકા હવે તું જ મારી આંખ છો.

હાઈકુ

સૂનું સૂકાન
જિંદગીના તોફાને
ભટકે નાવ...

બંધાયા સહુ
પરિસ્થિતિન ખીલે
સ્વાર્થ સંબંધે...

ચિંતન

કવચિદ્ભૂમૌ શાયી કવચિદપિ ચ પર્યંકશયનઃ ।
કવચિરેચ્છાકાહાકારઃ કવચિદપિ ચ શાલ્યો નદ રૂચિઃ ॥
કવચિત્કંથાધારી કવચિદપિ ચ દિવ્યામ્બરધરો
મનસ્વી કાર્યાર્થી ન ગણયતિ દુઃખં ન ચ સુખમ્ ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે. અહીંયા ધીરપુરુષના મક્કમ નિર્ધારથી કરેલા 'સંકલ્પ'નું મહત્ત્વ સમજાવાયું છે. 'કયારેય જમીન પર સૂવે છે તો કયારેક પલંગ પર સૂવે છે. કયારે શાકનો આહાર કરે છે, અર્થાત્ માત્ર કંદમૂળથી ચલાવી લે છે. તો કયારેક સુંદર મજાના ભોજનમાં રૂચિ રાખે છે. કયારેક ભગવા કે ગોદડી ધારણ કરે છે તો કયારેક ભવ્ય દિવ્ય પોષાક ધારણ કરે છે. આમ જેને પોતાનું ધ્યેય લક્ષ્ય-હેતુ નિશ્ચિત કરેલું જ છે. એવો સફળતાનો અભિલાષી, ધીરજવાન પુરુષ, સુખ કે દુઃખ કોઈ પણ સમ-વિષમ પરિસ્થિતિને ગણકાર્યા વિના નિશ્ચિત સંકલ્પ-પ્રતિજ્ઞાથી ડગ્યા વિના સફળતા સુધી મચી જ પડે છે.'

મનસ્વી અને કોઈ પણ ધ્યેય સંકલ્પમાં સફળતા મેળવવાની ઈચ્છાવાળા યુવાને પોતાના માર્ગમાં ગમે તેવી સુખદાયક કે ત્રાસદાયક પરિસ્થિતિઓ ઊભી થાય તો પણ મનથી મક્કમ કરેલ ધ્યેય માટે છૂટછાટ મૂકવી નહીં. ધ્યેય નિષ્ઠ થઈ એ જ દિશામાં આગળ વધવા પ્રયત્નશીલ રહેવું.

સુવિચાર

- સારું કામ અને સારી ભાષા ફિલ્મ ડિપોઝીટ સમાન છે,
  સમય જતા મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે!! - **હેતા ભૂષણ**
- વાત વાતમાં લોકો કહે છે કે અમને તો મરવાની પણ ફુરસદ નથી
  આવા માણસો પાસે જીવવાની ફુરસદ હોઈ શકે ખરી?? - **ઋષભ ભટ્ટ**
- કેવળ સાહસથી જ સફળતા સાંપડતી નથી - **ચાણક્ય**
- માણસની જયારે જરૂરત બદલાઈ જાય છે,
  ત્યારે સૌથી પહેલાં તેની વાત કરવાની રીત બદલાઈ જાય છે - **જીવન પાથેય**
- જીદ તમારી આપોઆપ ઓછી થતી જણાશે,
  જવાબદારી તમારા જીવમાં જેમ જેમ દાખલ થતી જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- દુનિયામાં દોસ્તીનો સંબંધ જ ના હોત, તો ખબર જ ના પડત કે
  પારકા લોકો પણ પોતાનાઓથી વધારે પ્રેમ કરી શકે છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : પેઢુ પર કેસુડાના ફુલનો બાફ લેવાથી પેશાબ અવરોધાવામાં તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આદિ શંકરાચાર્ય અને મંડન મિશ્ર વચ્ચે સોળ દિવસ સુધી સતત શાસ્ત્રોની ચર્ચા ચાલી રહી હતી. નિર્ણાયક હતા. મંડન મિશ્રના ધર્મ પત્ની દેવી ભારતી. હાર-જીતનો નિર્ણય હજી થવાનો બાકી હતો. આ દરમિયાન દેવી ભારતીને કોઈ જરૂરી કામ માટે છ કલાક માટે બહાર જવાનં થયું. જતાં પહેલાં દેવી ભારતીએ બને સ્પર્ધકોના ગળામાં ગુલાબના ફુલોની માળા પહેરાવીને કહ્યું, આ માળા મારી ગેરહાજરીમાં તમારી હાર-જીતનો નિર્ણય કરશે. આમ કહીને તે ત્યાંથી ચાલી ગઈ. બંને વિદ્વાનો સવાલ-જવાબો, તર્ક-વિતર્કોમાં હતા. દેવી ભારતી પરત ફર્યા. તેમણે શંકરાચાર્યના ગળાની માળાને અને મંડન મિક્ષને પહેરાવેલી માળાને ધ્યાનથી નિરખ્યા. અને પોતાનો નિર્ણય સંભળાવ્યો અને એ નિર્ણય અનુસાર શંકરાચાર્યનો વિજય અને પોતાના પતિ મંડન મિશ્રજીનો પરાજય થયો. સૌને એમ હતું કે દેવી ભારતી પોતાના પતિનો જ પક્ષ લેશે. એક અન્ય ઉપસ્થિત વિદ્વાને કહ્યું, 'હે દેવી, તમે તો શાસ્ત્રાર્થની વચ્ચે જ ચાલ્યાં ગયા હતા, તો પછી આવીને તમે આવો નિર્ણય કેવી રીતે કર્યો ?' દેવી ભારતીએ સ્પષ્ટતા કરતા કહ્યું, 'જયારે પણ કોઈ વિદ્વાન શાસ્ત્રાર્થમાં પરાજિત થવા લાગે ત્યારે તે ક્રોધિત થઈ ઊઠે છે. અને મારા પતિના ગળાની માળાનાં ફૂલો તેમના ક્રોધના તાપથી સૂકાઈ ચૂક્યા છે, જયારે શંકરાચાર્યની માળામાં ફૂલો હજુ પણ પહેલાની જેમ જ તાજાં છે. તેનાથી ખબર પડે છે કે શંકરાચાર્યનો જ વિજય થયો છે.'

શ્રદ્ધા મહામારી કરતાં બળવાન

તંત્રીસ્થાનેથી...

વર્ષોથી ચાલી આવતી ધાર્મિક પરંપરાને લાંબો વખત અટકાવી શકાતી નથી એ આજે સંપન્ન થનારી રથયાત્રાએ સાબિત કરી દીધું છે. અંગ (બિહાર), બંગ (બંગાળ) અને કલિંગ (ઓડિશા) ની પ્રજા મત્સ્ય-માંસ આરોગતી હોઈ વ્રજવાસી વૈષ્ણવો એને ઉપેક્ષાની નજરે જોતા હતા. ઈશ્વર તો એનાં તમામ સંતાનોને સરખાં માને છે. એથી ગોકુળનો કાનુડો જગન્નાથ સ્વરુપે પુરીમાં પ્રગટ થયો એની ખુશાલીમાં રથયાત્રા આરંભાઈ હતી. ભગવાન જગન્નાથ તેમના જયેષ્ઠ બંધુ બલરામ અને ભગિની સુભદ્રા સાથે સવા સો વરસથી અમદાવાદનીય નગરચર્યા કરતા રહ્યા છે. આ ક્રમ ગત વર્ષે ભારે વ્યથિત મન સાથે કુંઠિત કરવો પડ્યો હતો. અષાઢી બીજના પાવન પર્વે પુરીમાં નીકળતી રથયાત્રાની જેમ અમદાવાદમાં પણ જગતનો નાથ નગરયાત્રા કરી જનતા જનાર્દનને દર્શન આપતો રહ્યો છે. કોરોના સંકટને કારણે ભીડથી બચવા અને દિનપ્રતિદિન સતત વધતા સંક્રમણના કેસોને ધ્યાને લઈ સરકારે જગદીશ મંદિરના મહંતશ્રી તથા ટ્રસ્ટીઓ અને પ્રજાના પ્રતિનિધિઓને વિશ્વાસમાં લઈ ગત વર્ષે રથયાત્રા મોકુફ રખાવી હતી. અલબત્ત, કર્મકાંડ પૂરો કરવા મંદિર પરિસરમાં જ ત્રણે રથોને ફેરવીને યથાસ્થાને પુનઃસ્થાપિત જરૂર કરાયા હતા પરંતુ એથી ભક્તોના હૃદયને ભારે ઠેસ પહોંચી હતી. મહંતો પણ નારાજ થયા હતા એક વર્ષ બાદ ફરી એ જ સ્થિતિનું પુનરાવર્તન થશે કે શું એવી દહેશત વરતાઈ રહી હતી પણ ખુદ ભગવાન જગન્નાથે જ કોરોનાના મહાઘાતક બીજા વેવને મંદુ પાડી દઈ લોકડાઉનને લગભગ સંપૂર્ણપણે 'અનલોક' કરાવી દેતાં નિયંત્રણો સાથે રથયાત્રા એના મૂળ રુટ પર જ કાઢવાનો નિર્ણય લેવાયો હતો. આ વખતની રથયાત્રામાં ગજરાજ નહીં હોય કે કસરતબાજ ખલાસીઓ એમના દાવપેચ દેખાડવાની તક પણ નહીં મળે. રસ્તાઓ સૂમસામ હશે. પ્રજાને કર્ફ્યુનું ચુસ્ત પાલન કરવાની અને ઘેર બેઠાં જ રથયાત્રાનાં લાઈવ દર્શન કરવાની તાકીદ કરાઈ છે. પ્રારંભિક તબક્કે મંગળા આરતી અને પહિન્દ વિધિમાં કેન્દ્રના ગૃહમંત્રી અને રાજયના મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો જરૂર ઉપસ્થિત રહેશે. પરંતુ એ પછીની ભવ્યતાનો નજારો ગેરહાજર હશે. વાજતે ગાજતે નીકળતી રથયાત્રા એની ગરરાજ ગતિએ નગરચર્યા કરીને પરત ફરવામાં બાર-તેર કલાક લેતી હતી એને ઠેકાણે પાંચ-છ કલાકમાં જ આખો કર્મકાંડ સંપન્ન થઈ જાય એવું મિનિટ-ટુ-મિનિટ આયોજન રાજયના ગૃહરાજયમંત્રીના માર્ગદર્શન હેઠળ થયું છે. તંદુરસ્ત અને રસીકરણ પામેલા તથા આરટીપીસીઆર નેગેટિવ ૬૦ ખલાસી યુવાનો ત્રણે રથોને મોસાળ સરસપુર પહોંચાડશે અને ત્યાં પંદરેક મિનિટમાં જ મામેરાની વિધિ પતાવી ૬૦ અન્ય તંદુરસ્ત ખલાસી યુવાનો નગરચર્યા કરાવી ભગવાનને સપરિવાર નિજમંદિરે લાવી દેશે. આ પ્રકારની વ્યવસ્થા એ એક પ્રકારનું સુખદ સમાધાન છે. દેશભરમાંથી આવતા અખાડિયનો અને સાધુસંતોને રથયાત્રામાં સામેલગીરી કરવા નહીં મળે. રસ્તે પ્રસાદ પણ નહીં વહેંચાય. એ માટેની વૈકલ્પિક વ્યવસ્થા મંદિરના વહીવટીતંત્રે સુચારું ઢબે કરી છે જે છેક અષાઢી પૂનમ પર્યંત ચાલુ રહેશે. સરકાર માટે કોરોના સંકટમાં રથયાત્રા કેવી રીતે સંપન્ન કરવી તે મોટી સમસ્યા હતી. વર્ષોની પરંપરાને સંપૂર્ણ બ્રેક મારવાથી શ્રદ્ધાળુઓનાં દિલ દુભાવાની સંભાવના હતી. આખરે ભીડ એકઠી ન થાય એ માટે રથયાત્રાના રૂટ પર કર્ફ્યુ નાખી રથયાત્રા મર્યાદિત સમયમાં સંપન્ન કરવાનો નિર્ણય લેવાયો છે તે શ્રદ્ધા સાથે વૈજ્ઞાનિકતાનો સમન્વય છે. ભગવાન કયારેય ન ઈચ્છે કે માંડ કાબૂમાં આવેલ મહામારીને પોતાના નિમિત્તે ફરી વકરવાની તક સાંપડે. કદાચ આ પ્રકારની મર્યાદાઓ સાથે રથયાત્રા સરકાર માટે જદા જુદી ભાતની શિરોવેદના બની રહેતી હતી. સાંપ્રદાયિક તનાવ વચ્ચે એ હેમખેમ પાર પડે તેની દરેક નાગરિકને ચિંતા રહેતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી એવી દુર્ઘટનાઓ બનતી નથી, પરંતુ કોરોનાસંકટ એ બધા કરતાં મોટી દુર્ઘટના સ્વરુપે ત્રાટક્યું છે, જેથી ખુદ ભગવાનને પણ સાચવી સાચવીને, ઉતાવળે નગરચર્યા કરવાની ફરજ પડી છે! જય રણછોડ...

જમીન હકકનું ડીઝીટલ રીસર્વે પ્રમોલગેશન

ખેતીના રીસર્વે પ્રમોલગેશન અને ડીઝીટલ રેવન્યુ રેકોર્ડમાં રહેલી ક્ષતિઓ સુધારવાની મુદત ૩૦-૦૯-૨૦૨૧ સુધી વધારવામાં આવી છે.

ખેતીની જમીનો, ખેડૂત વારસાઈ, હકક પ્રમોલગેશન, હકક પત્રક નોંધો, લેન્ડ રેવન્યુ રેકોર્ડ સહિતના દસ્તાવેજી કાગળોનું આધુનિક ટેકનોલોજી પ્રમાણે સ્કેનીંગ કરીને ઓનલાઈન રેકોર્ડ તૈયાર કરવાની કામગીરી ૨૦૧૬ માં કરવામાં આવી હતી આ કામગીરી દરમિયાન રહેલી ક્ષતિઓ સુધારવા માટે ખેડૂતોએ અરજી કરવાની મુદત ૩૦-૦૯-૨૦૨૧ સુધી વધારવામાં આવી છે.

રાજય સરકારના મહેસુલ વિભાગના તા. ૦૨-૦૬-૨૦૨૧ ના ઠરાવથી ૩૦-૦૯-૨૦૨૧ સુધીની મુદત વધારવામાં આવી છે અગાઉ ૩૧-૧૨-૨૦૧૯, ૩૧-૦૩-૨૦૨૦, ૩૧-૧૨-૨૦૨૦, ૩૧-૦૩-૨૦૨૧ એમ ચાર વાર સુધારા માટે મુદત વધારવામાં આવી હતી પરંતુ કોરોના મહામારી સબબ કાર્યવાહી થઈ શકેલ નથી તેથી ફરી ૩૦-૦૯-૨૦૨૧ સુધીની મુદત વધારવામાં આવી છે.

ખેતીની જમીનનું ફકત ડીઝીટલ સ્કેનીંગ કરવામાં આવેલ નથી રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા રીસર્વે પ્રમોલગેશન ઠરાવવામાં આવેલ છે તેથી ખેડૂતોએ સાવધાની પુર્વક ખેતીના રેકોર્ડ ચકાસી લેવા મહત્ત્વના બની રહેશે.

પુર્વે ૧૯૫૪/૫૫ અને ૧૯૮૫/૮૬ માં પ્રમોલગેશન કરવામાં આવેલ હતુ તે બાદ ફરી ૨૦૧૬/૧૭ માં પ્રમોલગેશન ઠરાવવામાં આવેલ છે.

ખેતીની જમીન માટે પ્રમોલગેશન ખેડુતનો વાસ્તવિક હકક દર્શાવે છે ખેતીના હકક, શ્રેત્રફળ, વારસાઈ, હકકપત્રકનોંધ, જુની શરત અથવા નવી શરત, શ્રી સરકાર, પડતર, જમીનના પ્રકાર, ખેતરના નામ, વગેરે સાક્ષીઓ પંચો સમક્ષ સ્થળ ઉપર સત્યની ખાત્રી કરી જાહેરમાં ઠરાવવામાં આવે છે તે પ્રાંત અને મહેસુલ અધિકારીની નોંધ અને રેકોર્ડ પ્રક્રિયાને પ્રમોલગેશન ગણવામાં આવે છે.

પ્રમોલગેશનએ ખેડૂત, કબ્જેદાર, ભોગવટેદારના સાચા હકકનો છેલ્લી સ્થિતિનો સરકારી રેકોર્ડ છે, પ્રમોલગેશન સમયે જે નકકી થયેલ હોય તે કાયદાકીય રીતે માન્ય ગણવામાં આવે છે.

ડીઝીટલ રેકોર્ડ તૈયાર કરવાનું કામ ખાનગી એજન્સીઓના રોજમદાર લોકો પાસે કામ કરાવીને ઈ-ધરા નાયબ મામલતદાર, મામલતદાર અને પ્રાંત અધિકારીની જવાબદારી અને સુચનાઓ તથા દેખરેખ નીચે પ્રમોલગેશન કરવામાં આવેલ છે.

ડીઝીટલ રેકોર્ડ કરવાના રીસર્વે પ્રમોલગેશનમાં સર્વે નંબરોમાં ફેરફાર, શ્રેત્રફળના ફેરફાર, જમીનના પ્રકારમાં ફેરફાર, જમીનના વારસાઈમાં ફેરફારની ક્ષતિઓ થયેલ હોવાની ઘટનાઓ સામે આવતી હોવાથી મહેસુલ વિભાગ દ્વારા પાંચમીવાર સુધારા અરજીઓ આપવા ખેડૂતોને મુદત વધારી આપી છે.

સામાન્ય રીતે ખરીદ વેચાણ સમયે કે વારસાઈ નોંધ કરાવવા સમયે ખેડૂતો રેવન્યુ રેકોર્ડ મેળવતા હોય છે, તે સિવાયના સમયમાં ખેડૂતો જુના રેકોર્ડ પર ભરોસો રાખતા હોય છે પરંતુ સરકાર દ્વારા વખતોવખત ઠરાવો કરીને, નવા અધિનિયમ લાગુ કરીને ઓનલાઈન પ્રસિદ્ધિ આપી અમલવારી કરે છે જેથી મોટાભાગના ખેડૂતોને સરકારી ઠરાવોની જાણકારી હોતી નથી, પાછળથી ઉભી થતી સમસ્યાઓ, ગેરરીતીઓ માટે ખેડૂતોને જવાબદાર ઠેરવી ભ્રષ્ટાચારી રાજયસેવકોનો બચાવ કરવામાં આવી રહ્યો છે.

મહેસુલ વિભાગ વારંવાર નવા નવા ઠરાવો કરીને ઓનલાઈન મુકીને અમલ કરે છે પરંતુ ખેતીને લગતા ઠરાવો પંચાયતો મારફત દરેક ખેડૂતોને અમલ કરવા સમયે આપવામાં આવતા નથી તેથી ખેડૂતોના હકક રેકોર્ડમાં થયેલા કોઈ ફેરફારો વિશે જાણકારી મળતી નથી તેમજ સરકાર દ્વારા નવા નિયમો, ઠરાવોની વિગતવાર જાણકારી આપતી નથી.

નવા રીસર્વે પ્રમોલગેશન ખેડૂતોની હાજરીમાં કે ગામના સાક્ષી પંચોની હાજરીમાં ગામે ગામેગામ ગ્રામસભા ભરીને સ્થળ ઉપર કરવામાં આવેલ નથી પણ તલાટીઓ મારફત ગામના રજીસ્ટરો અને રેકોર્ડ મંગાવીને સ્કેનીંગ કરી રેકોર્ડ પ્રમોલગેશન કરેલ છે એ દરમિયાન સંખ્યાબંધ પ્રકારની ગેરરીતિઓને ટેકનીકલ ક્ષતિઓ ગણાવીને સરકારે ખેડૂતોને સુધારા કરાવવા નવી નવી મુદતો વધારી આપી છે.

અનુસંધાન પાના નં. ૭ પર

આજનો આ યુગ દરેક વસ્તુના માર્કેટિંગનો છે!

અમે તો ખાકની મૂઠી ભરી રાજી થનારાઓ
બધાંનાં ઈશ્કનાં દરદો બધાંએ વહોરનારાઓ
અમે જાહેરખબરો સૌ જિગરની છે લખી નાખી
ન વાંચે કોઈ યા વાંચે ન પરવા રાખનારાઓ
જખ્મથી જે ડરી રહેતા વગર જખ્મે જખ્મ સહેતા
અમે તો ખાઈને જખ્મો ખૂબી ત્યાં માનનારાઓ
- 'કલાપી' સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ

માનવી એ સામાજિક દૃષ્ટિએ કેટલાય સંબંધોના તાંતણે ગુંથાયેલો જીવ છે. બાળપણથી વૃદ્ધાવસ્થા દરમિયાન કેટલાય વ્યક્તિઓના સંપર્કમાં આવવું અને સંબંધોનું બંધાવું એ જીવનનો ઘટનાક્રમ છે. કેટલાક લોકો પાસે ખૂબ મોટું સામાજિક વર્તુળ હોય જયારે કેટલાક લોકો એવા પણ મળે કે જેઓ પોતાના મર્યાદિત સામાજિક વર્તુળમાં જ આજીવન જોડાયેલા હોય! જો કે, જેની પાસે વિશાળ મિત્રવર્તુળ કે વધુ સંબંધો હોય તે માનવી સુખી હોય અને આ બધા જ સંબંધીઓ તેના સાચા હિતેચ્છુઓ જ હોય તેમ માનવું ભૂલભરેલું છે. આપણી આસપાસ વણાયેલા આ સંબંધોનો તાંતણો કેટલો ઘટ્ટ અને મજબૂત છે એ તો જીવનના કપરા સમયે જ જાણી કે અનુભવી શકાય! ઉપરથી સારા અને તંદુરસ્ત લાગતા સંબંધો અંદરથી સાવ ખોખલા અને માત્ર ફોર્માલિટી ખાતર જ સંકળાયેલા હોય તેમ પણ બને! બીજી તરફ સાવ મર્યાદિત સોશિયલ સર્કલ ધરાવતી વ્યક્તિ પણ આ બાબતમાં અત્યંત નસીબદાર હોય એમ પણ બને! કેટલાક લોકોનું એમ માનવું હોય છે કે પૂર્વજન્મના ઋણાનુબંધ અનુસાર આ જન્મમાં આપણને સગા-સંબંધી કે મિત્રો મળતા હોય છે! અને આ માન્યતા અનુસાર ઘણીવાર સાવ અજાણી વ્યક્તિ સાથે ધીરે-ધીરે ઓળખાણ થાય અને ત્યારબાદ છાને-પગલે આવીને કયારે તે હૃદયની સાવ નજીકના તારને સ્પર્શીને અત્યંત નિકટતમ વ્યક્તિ બની જાય એનો અહેસાસ આપણને ખુદને પણ કયાં રહેતો નથી હોતો!

આજનો આ યુગ એ દરેક વસ્તુના માર્કેટિંગનો યુગ છે! લોકો પહેલાં કરતાં વધુ એક્સપ્રેસીવ' બન્યા છે. મુક્ત મને પોતાની લાગણી અને ભાવનાઓને પ્રદર્શિત કરે છે! જુદી જુદી એડ એજન્સીઝ એનો પોતાની પ્રોડક્ટ્સના વેચાણ માટે ભરપૂર ઉપયોગ કરે છે. આપણે અમુક જાહેરાતો જોઈએ તો આપણી આંખ છલકાઈ આવે તો અમુક જાહેરાતો આપણને ખડખડાટ હસાવી મૂકે! જાહેરાતોની અસરથી એ પ્રોડર્સને આપણે ખરીદી લઈએ એ વાત તો સમજ્યા, પરંતુ, જાહેરાત જોઈને આપણે કેટલાય દિવસો સુધી એ વાતને મનમાં વાગોળ્યા કરીએ એ કેવું! ફેસબુક પર આપણે જયારે આવું કંઈક જોઈએ તો તરત જ એને "Share" કરવાનું ખેંચાણ અનુભવીએ. આ બધી બાબતો દર્શાવે છે કે આપણે હજુ એટલા શુષ્ક બન્યા નથી! આપણી અંદર રહેલી સંવેદનાઓ આવી નાની નાની બાબતોથી ફરી જીવંત બની જાય છે!

આજકાલ દીકરી વિષેના મેસેજીસ ખૂબ જોરશોરથી ચાલી રહ્યા છે. તે વધુમાં વધુ સ્પર્શતી બાબત બની ગઈ છે. સ્ત્રી પુરુષ સમોવડી બની છે અને બાળકીઓને પોતાના હક્કો પ્રાપ્ત થયા છે તેમ જ દીકરીઓના મનની વ્યથા દર્શાવતા મેસેજીસ પણ આપણે ખૂબ મોટા પ્રમાણમાં જોયા છે! આમ જોવા જઈએ તો બાપ-દીકરીનો સંબંધ એ એક અનુભૂતિનો વિષય છે અને દરેક બાપ-દીકરી પોતાની લાગણીઓને એક કે અન્ય પ્રકારે પ્રદર્શિત કરે જ છે! તો ઘણીવાર આપણને એમ પણ લાગે કે આ થોડો અતિરેક છે કે ખોટા "લાગણી વેડા" છે. કોઈ થોડું વધું એક્સપ્રેસીવ હોય તો કોઈ ઓછું પણ એનો અર્થ એ બિલકુલ ન હોઈ શકે કે લાગણીની માત્રામાં વધ-ઘટ હોય! આપણા દાદા-દાદી કે નાના-નાની કયારેય આપણા માતાપિતાને "લવ યુ બેટા' કે 'મિસ યુ બેટા' કહે છે? પણ શું એનો અર્થ એ છે કે તેઓની ફિલીંગ્સમાં કોઈ કમી છે? ના, બિલકુલ નહીં! તેમની ઊંડી ઉતરી ગયેલી આંખોમાં લાગણીનો સમુદ્ર ઘૂઘવતો હોય છે. તે જ પ્રમાણે દીકરીઓ વિશેના વધુ પડતાં લાગણીભર્યા મેસેજીસનો એટલો અતિરેક હોય છે કે ઘણીવાર લાગે કે આપણે સામાજિક સંતુલન જાળવ્યા વગર જ એકબીજાનું આંધળું અનુકરણ કરી રહ્યાં છીએ. પોતાની પુત્રી માટે લાગણી હોવી અને તેના માટે ગર્વ હોવો એ વ્યક્તિગત અનુભૂતિનો વિષય છે! કોઈ એને આંખથી અભિવ્યક્ત કરે તો કોઈ શબ્દોથી! પણ તેની માત્રામાં ઘટાડો થયો હોય તેવું કયારેય લાગતું નથી!

આપણે બધા અત્યારે એક પ્રકારના દંભમાં જીવી રહ્યા છીએ! આપણું દુઃખ કે આપણી તકલીફ - કોઈ જાણી ન જાય કે કોઈ સમજી ન લે તેની ખાસ તકેદારી રાખીએ છીએ! કોઈ સામે મળે અને પૂછે કે કેમ છો તો આપણે હસીને 'મજા' છે તેમજ કહીએ! ફેસબુક કે વોટ્સ અપ પર મિત્રોનું લાંબુ લિસ્ટ ધરાવીએ છીએ પણ વોટ્સઅપ પર કોઈના સ્ટેટ્સમાં ઘણા સમયથી કોઈ વિષાદમય વાતો જ લખવામાં આવે તો તેને પૂછવાની તસ્દી આપણે લેતા જ નથી! કેમ છો?"નો જવાબ હંમેશા "મજા'માં જ હોય તેમ ન પણ બને એ આપણે સૌ પણ જાણીએ છીએ પરંતુ, કોઈ "કેમ છો?" એટલું જ પૂછે તો તેની સામે પોતાનું આખું અંતર ઉલેચીને તેને પોતાના મનની બધી જ વાત કહી દેતા પણ આપણે ડરીએ છીએ. કવિશ્રી ડૉ. મુકેશ જોશી લખે છે તેમ,

"નથી આવતી એ બધાને ખબર છે,
છતાં પણ બધાને મજા રાખવી છે.
પૂછો તો કહે છે "મજામાં - મજામાં',
હજી તો વધારે મજા ચાખવી છે.
ફરિયાદ કોને કરું હું બધાંની?
બધાંને ય મારે મજા આપવી છે.
મજાની એ ફરિયાદ કોને કરું હું?
મજાને ય મારે મજા આપવી છે."

આપણા જીવનમાં બનતી ગમતી કે ન ગમતી ઘટનાઓને આપણે બધાની સામે પ્રદર્શિત ન કરી શકીએ એ સમજી શકાય તેવી બાબત છે પણ આપણા અંગત એવા બે-ચાર વ્યક્તિઓ તો હોય કે જે વગર કહ્યું જ આપણી આંખો અને મન બંને વાંચી લે અને આપણને પણ ઉપકારનો અહેસાસ કરાવ્યા વિના આપણને હળવાફૂલ બનાવી દે! ત્રણ કલાકના પિક્ચરને જોઈને તેના હીરો કે હીરોઈન જોડે આપણે આપણી જાતને સરખાવી ન શકીએ પણ બે મિનિટની જાહેરાત ક્યારેક અચાનક જ આપણને 'ક્લિક કરી જાય અને આપણા હૈયાને સ્પર્શી જાય! ભલે આ જાહેરખબરો વસ્તુઓના માર્કેટીંગ માટે બનતી હોય પણ માનવીના મનને પણ એ ઘણીવાર સ્પર્શી જતી હોય છે! બે સેકન્ડથી લઈને બે મિનિટ સુધીની આ જાહેરખબર ઘણીવાર બે-ત્રણ દિવસ સુધી આપણા મનમાં એ વિચારને રમતો મૂકી જાય છે! આપણી સંવેદનકયારીમાં એ ખાતર અને પાણી જેવું કામ કરી જાય છે અને એમાં લાગણી, પ્રેમ અને અનુકંપા જેવા પુષ્પો હોરી ઊઠે છે! તો આવો, સલામ કરીએ જાહેરાતો બનાવનાર એ તમામ લોકોને કારણ કે તેમના પ્રોફેશનલ વર્લ્ડમાં એક વિશાળ ભાવવિશ્વ છુપાયું છે જે આપણે સૌ નિહાળી પણ શકીએ છીએ અને તેને મન ભરીને માણીએ પણ છીએ અને જો એ પ્રોડક્ટ ખરીદવાનું મન થઈ જાય તો તો વળી એથીય વિશેષ આનંદ!

અનુસંધાન પાના નં. ૭ પર

જાતે સજીવ (ઓર્ગેનિક) ખેતી કરતાં નિરૂપાબહેન શાહ સમગ્ર ગુજરાતના ખેડૂતોને ઝેરી ખેતીની ચુંગાલમાંથી છોડાવવા માગે છે



સુરેન્દ્રનગરથી ૨૦ કિમી દૂર આવેલા વેરાવદર ગામમાં આજકાલ એક નોંધપાત્ર ઘટના બની રહી છે. મૂળ આ ગામનાં જ, અને ગુજરાતની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓમાં મોખરાનું કામ કરનારાં નિરૂપાબહેન શાહ નામનાં યુવતિ એકસો વીઘા જમીનમાં ઓર્ગેનિક એટલે કે કુદરતી એટલે કે સજીવ ખેતી કરી રહ્યાં છે. આખા ગુજરાતમાં મોટા ભાગે રાસાયણિક ખેતી થાય છે, રાસાયણિક ખેતી એટલે ઝેરી ખેતી. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓની મદદથી થતી ઝેરી ખેતીએ ગુજરાતને કેન્સરના ભરડામાં લેવાની શરૂઆત કરી છે



ત્યારે વાણિયાની એક દીકરી, આધુનિક સમાજની એક યુવતિ જાતે ખેતી કરે, મહિલાઓનું સંગઠન બનાવીને તેમનું સાચા અર્થમાં સશક્તિકરણ કરે, ખેડૂતોને સજીવ ખેતી તરફ પ્રેરવાનો વાસ્તવિક મનસૂબો પણ સેવે એ નવી અને નવાઈ લાગે તેવી વાત છે.

કેમ નિરૂપાબહેને સામા પ્રવાહે ઓર્ગેનિક ખેતી કરવાનો વિચાર કર્યો ? કેમ નિરૂપાબહેને ખેડૂતો અને મહિલાઓનું સંગઠન કરીને તેમનામાં જાગૃતિ લાવવાનું બીડું ઝડપ્યું છે ?

નિરૂપાબહેનમાં આવી હીંમત આવી કેવી રીતે ? સૌથી મોટો સવાલ એ છે કે કોણ છે આ નિરૂપાબહેન ? માંડીને વાત કરીએ.

નિરૂપાબહેનનું મૂળ વતન સુરેન્દ્રનગર જિલ્લાનું વેરાવદર ગામ. માતા ચારુબહેન આરોગ્ય વિભાગમાં કામ કરતાં અને પિતા નવનીતભાઈ ખેતીવાડી અને કોટનનો ધંધો કરતા. નિરૂપાબહેને કોરોનામાં પોતાના પિતાની છત્રછાયા ગુમાવી છે. નિરૂપાબહેને પરણ્યાં નથી. તેમણે નાનપણથી સમાજ માટે કંઈક કરવાનો ભેખ લીધો છે. એમ કહો કે તેઓ સમાજને વરેલાં છે. તેમણે ભાવનગર યુનિવર્સિટીમાંથી ગઢડામાંથી માસ્ટર ઈન સોશિઅલ વેલ્ફેર કર્યું. એ પછી તેમણે એલએલબી પણ કર્યું. કચડાયેલા, છેવાડાના લોકોના ઉત્કર્ષ માટે તેઓ સતત કામ કરતાં રહ્યાં છે. બાળ અધિકારની ઝૂંબેશમાં તેમનું માતબર પ્રદાન રહ્યું છે. આ માટે તેમણે ચાર વર્ષ અવિરત કામ કર્યું. અનેક બાળ મજૂરોને છોડાવ્યા. તેમની આ દિશાની કામગીરીની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નોંધ લેવાઈ છે. સ્ત્રી જાગૃતિકરણ અને એચઆઈવી કાઉન્સલિંગ માટે પણ તેમણે પરિણામલક્ષી કામ કર્યું. તેમણે મીઠું પકવતા અગરિયાઓ માટે પણ વર્ષો સુધી તપ કરીને સફળ કામગીરી બજાવી છે. શિક્ષણ, આરોગ્ય, રોજગાર, કૃષિ વગેરે ક્ષેત્રમાં તેઓ સતત કામ કરતાં જ રહ્યાં છે. નિરૂપાબહેનની સામાજિક પ્રતિબદ્ધતા પાકી છે. લોકોમાં હળી-મળી જઈને, તેમનો વિશ્વાસ સંપાદિત કરીને કામ કરવાની તેમના ઘણી ફાવટ છે. તેઓ સાદાં છે. ગ્રામજનોને લાગે છે કે તેઓ આપણા જેવાં છે. ગ્રામજનો, વિશેષ કરીને મહિલાઓનો વિશ્વાસ સંપાદિત કરવામાં તેમને વાર લાગતી નથી.

તેમના કામની સમયાંતરે નોંધ પણ લેવાતી રહી છે. વિચાર ટ્રસ્ટ દ્વારા અપાતો પ્રતિષ્ઠિત ગાંધી મિત્ર એવોર્ડ તેમને ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ મહામહિન ઓ.પી. કોહલીજીના હસ્તે એનાયત કરાયો હતો. એ વખતે પ્રતિસાદ આપતાં તેમણે કહ્યું હતું કે હજી તો ઘણું કામ કરવાનું બાકી છે. સજીવ ખેતીનો વિષય પકડીને જાણે કે તેમણે સાચી અને લાંબી મજલ શરૂ કરી છે. હવે વાત કરીએ તેઓ દ્વારા થઈ રહેલા ઓર્ગેનિક ખેતીના પ્રયોગની. નિરૂપાબહેને અનુબંધ નામની પોતાની એક નવી સંસ્થાનો પ્રારંભ કર્યો છે.

આ સંસ્થાના નેજા હેઠળ તે સજીવ ખેતી ઉપરાંત ખેડૂતો, ગ્રામજનો અને વિશેષ તો મહિલાઓ માટે રચનાત્મક કાર્યો કરવા માગે છે. તેઓ કહે છે કે હું ખેડૂતો પાસે જઈને ઓર્ગેનિક ખેતીની વાત કરું એ પહેલાં હું પોતે એવી ખેતી કરીને સમજી લઉં કે ખરેખર તેનો અનુભવ કેવો રહે છે. તેઓ ભાવપૂર્વક અને ભારપૂર્વક કહે છે ગુજરાતે ખૂબ જ ઝડપથી ઓર્ગેનિક ખેતી તરફ વળવું જ પડશે. કેમિકલયુક્ત ખેતીએ ગુજરાતના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું કર્યું છે. કોરોનાએ આપણે બતાવી આપ્યું કે ગુજરાતીઓની રોગપ્રતિકાર શક્તિ ઓછી છે. આમેય ગુજરાતીઓ ખાવા-પીવાના શોખીન છે અને કસરત-શરીર શ્રમ ઘટતાં ડાયાબિટિસ, હૃદય-રોગ, કોલોસ્ટોલ, સહિત અનેક બીમારીઓથી ગુજરાતીઓ પીડાઈ રહ્યા છે. ઝેરી ખેતીએ તેમાં કેન્સરનો વધારો કર્યો છે ત્યારે ગુજરાતમાં સજીવ ખેતી સિવાય બીજો કોઈ આરો-ઓવારો જ નથી.

નિરૂપાબહેન કહે છે અત્યારે આપણે જે શાક-ભાજી, ફળફળાદિ, અનાજ, ભાત કે ઘઉં વગેરે ખાઈએ છીએ તેમાં શુદ્ધતા હોતી નથી. રાસાયણિક ખેતીથી પાકેલાં હોવાથી તેમાં આરોગ્યને ગંભીર નુકસાન કરે તેવાં અનેક તત્વો હોય છે. રાસાયણિક ખેતીને કારણે ઉત્પાદનોમાં રસ-કસ જ રહેતાં નથી. અરે, જમીન પણ કડક અને ઝેરી થઈ ગઈ છે. મારા જૂનાગઢ, આણંદ વગેરેમાં કૃષિ યુનિવર્સિટી સાથેના સંવાદો-પરિસંવાદો અને ચર્ચામાં મને સમજાયું કે કૃષિની ઝેરી થતી જમીનને બચાવવી જ પડશે. એ જ સાચો રસ્તો છે.

નિરૂપાબહેન ખરેખર જીગરવાળાં છે. સજીવ ખેતી કરવી ખૂબ અઘરી છે. થાકી જવાય એટલી મહેનત કરવી પડે. રાસાયણિક ખેતીમાં તો ટ્રેક્ટર ફેરવી નાખીને ટપોટપ વાવેતર કરવાનું. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ તૈયાર રાખવાનાં. નિરૂપાબહેને થાક્યા વિના પોતાની ટીમ સાથે સજીવ ખેતીનો રીતસરનો હવન જ કરી રહ્યાં છે. તેમણે પોતાની ખેતીની જમીનમાં ટ્રેક્ટર ફેરવવા દીધું નથી કારણ કે ટ્રેક્ટરથી જમીન કડક થઈ જાય છે અને જમીનના ઉપલા સ્તરમાં રહેલાં કુદરતી જીવાણુંઓ મરી જાય છે. તેમણે જાતે ખેડ પણ કરી છે.

નિરૂપાબહેન સજીવ ખેતી કરતાં પણ ચડિયાતી એક બીજી પ્રવૃતિ કરી રહ્યાં છે. એ છે બજાર ઊભું કરવાની પ્રવૃતિ. તેમણે સુરેન્દ્રનગરમાં ગ્રાહકોની ચેઈન બનાવવા માંડી છે. સજીવ ખેતીનાં ઉત્પાદનો કોઈ પણ પ્રકારના વચેટિયા વિના સીધાં ગ્રાહકો સુધી પહોંચે તેવો તેઓ પ્રયાસ કરી રહ્યાં છે. તેમનું દઢપણે માનવું છે કે આ મોડેલ આખા ગુજરાતમાં અમલમાં મૂકાય તો સજીવ ખેતીનો ઝડપથી પ્રસાર થાય.

નિરૂપાબહેન સામા પ્રવાહે સજીવ ખેતી સહિતના વિવિધ કાર્યો આપમેળે કરી રહ્યાં છે ત્યારે આપણી પર ફરજ છે કે આપણે તેમને યથાશક્તિ એક યા બીજી રીતે સહયોગ કરીએ. તેમનો સંપર્ક નંબર ૯૪૨૮૫ ૨૧૨૦૧ છે. જે લોકો સજીવ ખેતી કરવા માગતા હોય તેઓ માર્ગદર્શન માટે પણ તેમનો સંપર્ક અવશ્ય કરી શકે છે. તેઓ ખેતરમાં હોય ત્યારે નેટવર્ક ના પકડાય તો સંદેશ પણ મૂકી શકશો.

છાંયડો

રવિશંકર મહારાજને પહેલી વાર કોઈએ ટ્રેક્ટર બતાવીને તેના અનેક ફાયદા સમજાવ્યા.

દાદા બધુ સાંભળીતા રહ્યા. તેમણે છેલ્લે સવાલ પૂછ્યોઃ ટ્રેક્ટર પોદળો આપે ?